# वछ (रछ) गणिनी अेक अप्रगट कृति
# ''सकलकुशलवल्ली चैत्यवन्दन टीका''

**सं. साध्वी ललितयशाश्री**

पूर्वाचार्योंअे बाळजीवोने उपयोगी घणा साहित्यनी रचना करी छे. प्रस्तुत कृति पण पू. ऋषि वछराज गणिअे संस्कृतभाषाने शिखता बाळजीवोने उद्देशीने ज करी हशे. कृति नानी पण सुन्दर छे. दरेक चरणनी टीका साथे अन्तमां तेनो सामान्य भावानुवाद पण कविअे कर्यो छे.

कवि ऋषि वछराज गणि कया गच्छना छे ? तेमनी गुरुपरम्परा शुं छे ? इत्यादि कशी बाबतोनो कृतिमां उल्लेख नथी. प्रतना अन्त्यभागमां प्रत सं. १८१५मां विक्रमपुरमां लखायानी नोंध छे. ते परथी कर्ता ते पूर्वे थयानुं जाणी शकाय.

आ नामना अन्य कर्ता लोकागच्छमां १७मी सदीना पूर्वार्धमां थया छे. जेमणे १७४९मां 'सुबाहु जिन चोढाळियुं' नामनी कृतिनी रचना करी छे. कदाच तेओअे ज आ कृति रची हशे. छतां अन्य प्रमाण न मळे त्यां सुधी कर्ताना निर्धारणमां शङ्का रहे.

प्रस्तुत कृति नेमि-विज्ञान-कस्तूरसूरि भण्डारना हस्तलिखित झेरोक्ष विभागनी छे. प्रत आपवा बदल पू. गुरु म.सा.नो तेमज भण्डारना व्यवस्थापकश्रीनो आभार.

## ''सकलकशलवल्ली चैत्यवन्दन टीका''

॥ ए ६० ॥

सकलकुशलवल्लीपुष्करावर्तमेघो, दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः ।
भवजलनिधिपोतः सर्वसम्पत्तिहेतुः, स भवतु भवतां भो(भोः!) श्रेयसे पार्श्वनाथः ॥१॥

अस्य व्याख्या ॥ भो भव्यजनाः ! स श्री पार्श्वनाथो भवतां-युष्माकं श्रेयसे-कल्याणाय भवतु-अस्तु । किंविशिष्टः पार्श्वनाथः ? **सकलकुशलवल्लीपुष्करावर्तमेघः**-सकलानि च तानि कुशलानि च सकलकुशलानि ।

सकलकुशलानि एव वल्ल्यः सकलकुशलवल्ल्यः । सकलकुशलवल्लीनां वर्धने पुष्करावर्तनामा मेघ इव मेघः पुष्करावर्तमेघः ।
सघला कुशल-मांगलिक, तेह रूपिणी वेलडी वधारिवानइं काजिइं पुष्करावर्त-मेघसमान छइ ।

पुनः किंविशिष्टः श्रीपार्श्वनाथ ? **दुरिततिमिरभानुः** दुरितानि-पापानि, तानि एव तिमिराणि-अन्धकाराणि, तेषां निराकरणे भानुरिव भानुः दुरिततिमिर-भानुः ।

दुरित कहियइ पाप, तथा विघ्न, तेह टालिवानइं काजिइं भानु कहतां सूर्य ते समान छइ ।

पुनः किंविशिष्टः श्रीपार्श्वनाथः ? **कल्पवृक्षोपमानः**-कल्पवृक्ष(क्षेण) उपमीयते असौ कल्पवृक्षोपमानः ।

वांछित पूरिवानइं काजिइं कल्पवृक्ष समान छइ ।

पुनः किंविशिष्टः श्रीपार्श्वनाथ ? **भवजलनिधिपोतः**-भव एव जल-निधिः, तस्य तारणे पोत इव पोतः भवजलनिधिपोतः ।

संसारसमुद्र तरिवा भणी प्रवहण समान छइ ।

पुनः किंविशिष्टः श्रीपार्श्वनाथः ? सर्वसंपत्तिहेतुः । सर्वाश्च ताः संपत्तयश्च सर्वसंपत्तयः, तासां हेतुः-कारणम् ।

सघली संपदाना हेतु-कारण छइ । इति काव्यार्थः **ऋषिश्रीवछराजगणि**-कृतः । लिखित श्रीविक्रमपुरे सं. १८१५ वर्षे ।

C/o. अरिहंत आराधना उपाश्रय
गोपीपुरा, मोतीपोळ,
सूरत-१